# ઉનાળાના આરંભે જ પાણીની તંગીના સંકેત

## નર્મદા ડેમમાંથી ડેડવોટર ખેંચવાની શરૂઆત : નર્મદા ડેમ જળસપાટી ૧૧૦.૧૯ મીટર : બે પાવર હાઉસ બંધ રહેતા સરકારને કરોડોનું નુકસાન વેઠવુ પડી રહ્યું છે

ગાંધીનગર,તા. ૨૨

ઉનાળા પહેલાં જ ગુજરાતમાં પાણીની તીવ્ર તંગી અને અછતના એંધાણ મળી રહ્યા છે. કારણ કે, હજુ ઉનાળો શરૂ થાય તે પહેલાં જ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાંથી ડેડવોટર ખેંચાવાની શરૂઆત થઈ ગઈ છે. સરદાર સરોવર ડેમમાં પાણીનું સ્તર ૧૧૦.૬૪ મીટર(૩૬૩ ફીટ) કરતાં પણ ૧૧૦.૧૯ મીટરની નીચી સપાટીએ જતુ રહેવાથી સરદાર સરોવર નિગમ લિમિટેડએ ગુજરાતમાં ઈરીગેશન બાયપાસ ટનલ(આઈબીપીટી)માંથી ગઈકાલે પાણી છોડવાનું શરૂ કર્યું હતું. હાલમાં ૧૧૦.૩૭ મીટરની સપાટીએ ત્રણ હજારથી નવ હજાર કયુસેક પાણી આઈબીપીટીમાં છોડવામાં આવી રહ્યું છે. આ જથ્થો અનેક શહેરો અને ગામડાઓને તા.૩૦ જૂન સુધી પાણીનો સપ્લાય પૂરો પાડશે એવુ મનાઈ રહ્યુ છે. અત્યારસુધીમાં સૌપ્રથમવાર એવું બન્યું છે કે, નર્મદા ડેમમાં ઘટેલા પાણીથી ઉભા થયેલા જળસંકટને નિવારવા ૧૭ વર્ષમાં સૌપ્રથમવાર સરદાર સરોવર નિગમની ઈરીગેશન બાયપાસ ટનલ(આઈબીપીટી)નો ઉપયોગ કરાશે. સરદાર સરોવર નિગમ લિમિટેડએ તેના રિવર બેડ પાવર હાઉસ અને કેનાલ હેડ પાવર હાઉસ એમ બંને પાવર હાઉસ બંધ કરવા પડયા છે. બીજી ગંભીર ચિંતાની વાત એ છે કે, મુખ્ય કેનાલમાં તા.૧૫મી માર્ચ સુધી એટલે કે, રવિ પાકની ઋતુના અંત સુધી જ પાણી આવશે. તે પછી ખેડૂતોને ઉનાળામાં પાણીની માંગ ન કરવા જણાવી દેવાયું છે. આ ઉનાળે સિંચાઈનું પાણી આપવા માટે નર્મદા પાસે કોઈ વ્યવસ્થા નથી, નર્મદા બેઝીનમાં અત્યારે માત્ર ૪૫ ટકા જ પાણી ઉપલબ્ધ છે. સરદાર સરોવર નિગમ લિમિટેડના સૂત્રો દ્વારા જણાવાયું હતું કે, સામાન્ય રીતે રિવર બેડ પાવર હાઉસ જયારે પાણીના

ત્યારે કેનાલ હેડ પાવર હાઉસ વીજ ઉત્પાદન માટે તે કેનાલમાં છોડાય તે પહેલાં ઉપયોગ કરી લે છે. જો કે, ડેમનો સંગ્રહ ડેડ સ્ટોરેજથી ઓછો ૧૧૦.૬૪મીટરનો થઈ ગયો છે. આથી મુખ્ય કેનાલમાં પાણી છોડવાની મર્યાદા આઠ હજાર કયુસેક કરી દેવામાં આવી છે. વધારાના ૬૦૦ કયુસેક પાણી ગોડબોલે ગેટમાંથી વહી રહ્યું છે, જે ભરૂચમાંથી વહેતી નર્મદામાં જાય છે. સરદાર સરોવર પ્રોજેકટના જાન્યુઆરી-૨૦૧૮ના અંતમાં આવેલા પ્રોગ્રેસ રિપોર્ટ મુજબ નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ ડેમના મુખ્ય દરવાજા તા.૧૬મી જૂને બંધ કરવાની અને ફુલ રિઝરવોય લેવલ માટે પાણી સંગ્રહ કરવા માટે પરવાનગી આપી છે. તા.૩૧ જાન્યુઆરીએ જળસપાટી ૧૧૨.૬૫મીટર હતી અને માર્ચ-૨૦૧૭થી કેનાલ હેડ પાવર હાઉસની ક્ષમતા ૫૪૪.૧૬૩ મેગાવોટ હતો. પહેલાના વર્ષમાં માર્ચ-૨૦૧૭ સુધીમાં સીએચપીએચએ ૬૧૦૧ય૭૪૧ મેગાવોટ પાવર જનરેટ કર્યો હતો. બીજીબાજુ, આરબીપીએચએ ૩૪૭૫૯ મેગાવોટ પાવર માર્ચ-૨૦૧૭ સુધીમાં જનરેટ કર્યો હતો. આ પ્લાન્ટ જૂનથી બંધ છે. છેલ્લા દાયકામાં ડેમની જળસપાટી સૌથી નીચી છે, તેથી પહેલીવાર એવું બન્યું છે કે, બંને પાવર હાઉસ બંધ કરવા પડયા છે. સરદાર સરોવર નિગમ લિમિટેડટના જણાવ્યા પ્રમાણે, મધ્યપ્રદેશ ઓમકારેશ્વર જળસંગ્રહમાં પાણી છોડી રહ્યું હતું. આઈબીપીટીમાં પાણી છોડવાના નિર્ણયના કારણે પીવાનું પૂરતું પાણી મળી રહેશે. એકવાર નર્મદા ડેમનું લેવલ ૧૧૦.૬૪ મીટર કરતાં ઓછુ થઈ જાય તો પાવર હાઉસ ચલાવી શકાતા નથી.

# કોંગી આગેવાનોને દિલ્હીનું તેડું

## લોકસભાની ચૂંટણીમાં કયા મુદ્દા ઉઠાવવા અને કયા પ્રકારે આગળ વધવુ તે સહિતના મુદ્દા રાહુલે માર્ગદર્શન આપ્યુ

ગાંધીનગર,તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉત્કૃષ્ટ અને અસાધારણ દેખાવથી ખુશ થયેલા રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈ ગુજરાતના સ્થાનિક ધારાસભ્યોને દિલ્હી તેડાવ્યા હતા અને આજે તેઓની સાથે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરી હતી.

બેઠકમાં રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણીમાં કયા મુદ્દા ઉઠાવવા, પ્રજાને કયા મુદ્દાઓ પર આકર્ષવી અને કયા પ્રકારે આગળ વધવુ તે સહિતની બાબતે ગુજરાતના ધારાસભ્યોને માર્ગદર્શન પૂરું પાડયું હતું. રાહુલ ગાંધીએ ગુજરાતના આ ધારાસભ્યો સાથે વન ટુ વન બેઠક પણ કરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઘણા વર્ષો બાદ કોંગ્રેસે આ વખતે ભાજપને જોરદાર ટક્કર આપી હતી અને કોંગ્રેસે પોતાનો વ્યકિતગત દેખાવ પણ અસાધારણ રીતે સુધાર્યો હતો, જેની નોંધ દેશના રાજકારણમાં લેવાઈ હતી. ગુજરાતમાં કોંગ્રેસના અસાધારણ અને ઉત્કૃષ્ટ દેખાવથી પક્ષના રાષ્ટ્રી નેતાઓ અને ખુદ મોવડીમંડળ ખાસ કરીને રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધી ખૂબ ખુશ થયા હતા. તેમણે ગુજરાત કોંગ્રેસના નેતાઓ, ચૂંટાયેલા ધારાસભ્યો અને તમામ કાર્યકરોને આ માટે ખાસ અભિનંદન પાઠવ્યા હતા અને તેમની કામગીરીની બિરદાવી હતી. તો, તાજેતરમાં ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષે તેનું પરફોર્મન્સ ઘણું સુધાર્યું હતું અને ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે વધુ બેઠકો મેળવવામાં સફળતા મેળવી હતી. જેની પણ કોંગ્રેસ મોવડીમંડળે હકારાત્મક નોંધ લીધી હતી. દરમ્યાન આગામી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની તૈયારીની કવાયતના ભાગરૂપે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ અત્યારથી જ કમર કસી છે અને લોકસભાની ચૂંટણીમાં પણ વિધાનસભાની જેમ ભાજપને જોરદાર કાંટાની ટક્કર આપવા માંગે છે તે સ્પષ્ટ કરી દીધુ છે.

લોકસભા ચૂંટણીની સ્ટ્રેટેજીના ભાગરૂપે રાહુલ ગાંધીએ ગુજરાતના ધારાસભ્યો પૂંજાભાઈ વંશ, કુંવરસિંહ બાવળિયા, અલ્પેશ ઠાકોર, નવસાદ સોલંકી, અમિત ચાવડા, હિંમતસિંહ પટેલ અને અશ્વિન કોટવાલ સહિતના ધારાસભ્યોને દિલ્હી તેડાવ્યા હતા. રાહુલ ગાંધીએ આ તમામ ધારાસભ્યો સાથે વન ટુ વન બેઠક કરી તેમની સાથે ગુજરાત માહોલ, આગામી લોકસભા ચૂંટણીના મુદ્દા, કોંગ્રેસની રણનીતિ, પ્રજાને ખાસ કરીને લોકસભા મતવિસ્તારોના મતદારોને રીઝવવા અને કોંગ્રેસની તરફેણમાં લાવવાના પ્રજાલક્ષી મુદ્દા સહિતની બાબતો પણ વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરી હતી. રાહુલ ગાંધીએ ગુજરાતના આ ધારાસભ્યોને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડયું હતું અને તેઓને લોકસભાની ચૂંટણીની તૈયારીઓમાં લાગી જવા પ્રોત્સાહિત કર્યા હતા.

ગાંધીનગર ઈન્ફોસીટી ટેનિસ એકેડેમીના કિશોર ખેલાડી હંસલ શાહે તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ એઆઈટીએ ટેલેન્ટ સીરીઝમાં બૉયઝ કેટેગરીમાં અન્ડર-૧૬ વિભાગમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. હંસલ શાહને તેમના કોચ પ્રકાશ ધોબી અને સંદિપ ઝાલા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારી સમિતિની બેઠક યોજવામાં આવી હતી. એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં કાર્યવાહીની શરૂઆતમાં એસોસીએશનના ઉપપ્રમુખ સોમાભાઈ પરમારના અવસાન તથા કર્મશીલ ભાનુપ્રસાદ વણકરના આત્મવિલોપન પ્રત્યે તેમના કુટુંબીજનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

એસોસીએશનની સભામાં આત્મવિલોપન ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કુદરતી સાધન સંપત્તિમાં દલિતોના હક્કનું પાલન કરાવવા માટે ભાનુપ્રસાદે આત્મવિલોપન જેવું પગલું ભર્યું છે. આ કારણથી તેમના કુટુંબ તથા દલિત આગેવાન સાથે થયેલી સમજૂતિમાં સરકારે આપેલ બાંહેધરીનું સંવેદનશીલતા સાથે પાલન થાય તે માટે સભા દ્વારા સરકારને આગ્રહ કરવામાં આવ્યો હતો.

# કૃષિ-ખેડૂત કલ્યાણ ફાળવણી બજેટમાં ૧૬ ટકા સુધી ઘટી

અમદાવાદ,તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ગયા બાદ ગુજરાત સરકાર કૃષિ અને ખેડૂત કલ્યાણ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં પણ કૃષિને લઈને વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની વાતો કરવામાં આવી છે પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં ધ્યાન આપવામાં આવે તો ગયા વર્ષની બજેટની સરખામણીમાં તેમાં ચિત્ર અલગ જ દેખાઈ આવે છે. કૃષિ માટેની ફાળવણીમાં ૧૬.૪૩ ટકાનો ઘટાડો ગયા વર્ષની બજેટની સરખામણીમાં કરવામાં આવ્યો છે. ૨૦૧૬-૧૭ માટેના બજેટમાં ચૂંટણી વર્ષની સ્થિતિ હોવા છતાં સરકારે ૭૧.૬૮ કરોડની ફાળવણી કરી હતી જ્યારે આ વર્ષે ફાળવણી ૫૯.૯૦ કરોડ રૂપિયા રહી છે જે દર્શાવે છે કે, ૧૬.૪૩ ટકાની ઓછી ફાળવણી કૃષિ માટે કરવામાં આવી છે. આ વર્ષે બજેટની હાઈલાઈટ્સ ઉપર નજર કરવામાં આવે તો શિક્ષણ માટે ૭૦૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. રિસર્ચ અને અન્ય કાર્યક્રમો માટે પણ ફાળવણી કરવામાં આવી છે પરંતુ આ ફાળવણી પણ નોંધપાત્રરીતે વધારો દર્શાવતી નથી. અન્ય જે ક્ષેત્રોમાં ફાળવણીમાં ઘટાડો કરવામાં આવ્યો છે જેમાં શિક્ષણની ફાળવણી છે. શિક્ષણમાં ૧.૭ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં શિક્ષણ માટે ૨૫૭૦૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯ માટે ફાળવણી ૨૫૨૭૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. સામાજિક ન્યાય, પરિવાર અને આરોગ્ય, શહેરી વિકાસ, માર્ગ અને નિર્માણ સહિતના ક્ષેત્રોમાં ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે. આદિવાસી વિકાસ માટે પણ ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે પરંતુ કૃષિ અને ખેડૂત કલ્યાણ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ અને શિક્ષણના ક્ષેત્રમાં ફાળવણીમાં ક્રમશઃ ૧૬.૪૩ ટકા, ૪.૪૩ ટકા, ૧.૭ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. આરોગ્યની સ્થિતિ નિરાશાજનક હોવાની બાબત પારિવારિક સર્વેમાં આવી ગયા બાદ પણ આમા વધુ ધ્યાન આપવામાં આવ્યું નથી. ફાળવણીમાં માત્ર ૧૧.૭૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. શહેરી વિકાસના ક્ષેત્રમાં છેલ્લા બજેટની સરખામણીમાં ૧૦.૨૯ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ચિત્ર અલગ હોવાની વાત પણ કેટલાકો કરે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેની માહિતી આપ્યા બાદ આને લઈને પણ રાજકીય વર્તુળોની સાથે સાથે સામાન્ય લોકોમાં ચર્ચા છે.

## ધાનેરા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં ઘર ફુટે ઘર જાય તેવી સ્થિતિથી મળ્યુ પરિણામ

ધાનેરા નગરપાલિકાની ૧થી ૭ વોર્ડની ચુંટણીમાં ભાજપમાં ટીકીટ ફાળવવામાં થયેલ અ સંતોષનાં કારણે ભાજપનાં ઉમેદવારોને હરાવવામાં ભાજપનાં જ કાર્યકર્તાઓનો હાથ છે તેવું લોકોમાં ચર્ચાઈ રહયુ છે. વોર્ડ નંબર ૩ ૪ ૫ માં અને અન્ય વોર્ડમાં પુરથી બનેલ સમસ્યા અને રાહતોથી વંચિત લોકોએ વોર્ડનાં ઉમેદવારોને વિજયી બનાવવાં માટે નક્કી કર્યું હતું પરંતુ ભાજપ નાં મુખ્ય કાર્યકર્તાઓ ને છોડી ને અન્ય લોકોને ટીકીટ ફાળવવામાં આવતાં નારાજ વોર્ડનાં લોકો એ ભાજપ ને મોટો ફટકો આપ્યો છે. આમ ભાજપ માં ઘર ફુટે ઘર જાય તેવી સ્થિતિ સર્જાતાં ભાજપનો પરાજય થયો છે અને સંચાલન કરતાં હોદેદારોનો અભિમાન નીકળી ગયો છે તેવું વોર્ડનાં લોકો દ્વારા ચર્ચાઈ રહ્યું છે.

# મધ્યાહન ભોજનના કર્મચારી મહામંડળ દ્વારા પડતર પ્રશ્નો અંગે ઉચ્ચકક્ષાએ આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર ગુજરાતમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ કામ કરતા કર્મચારીઓની વર્ષોથી પડતર માંગણીઓ છે. જેમાં પગાર ધોરણ આપી કાયમી કરો અને એન.જી.ઓ. દાખલ નહી કરો અને જે જગ્યા પર એનજીઓ છે ત્યાં રદ કરીને છુટા થયેલા કર્મચારીઓને ફરીવાર નોકરી પર રાખવામાં આવે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળ દ્વારા આ અંગે અનેકવાર રજુઆત કરાઈ છે છતા હજુ સુધી યોગ્ય નિર્ણય ન આવતા આજે શહેરના સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ એકઠા થયા હતા અને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કર્યું હતું. પરંતુ આઠ જેટલા યોજનાના કર્મચારીઓને પોલીસે ડીટેઈન કર્યા હતા ત્યારબાદ સચિવાલય ખાતે યોજનાના કર્મચારીઓએ ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી હતી.

મધ્યાહન ભોજનમાં છેલ્લા ત્રણ દાયકાથી ગત્ વર્ષ સુધી જિલ્લાઓની ભૌગોલીક પરિસ્થિતિ પ્રમાણે અઠવાડીક મેનું ચાલુ હતું તે યોગ્ય હતું. જુના મેનુ પ્રમાણે બાળકોને સુરૂચી ભોજન મળતુ હતું. જયારે રાજય સરકારના અઠવાડીક મેનુના ઠરાવથી અનેક પ્રકારની વિસંગતતાઓ જોવા મળે છે. થેપલા બનાવવા માટે લોખંડનો તવો તેમજ રસોઈ બનાવવાની સુવિધા અને પુરતા પ્રમાણમાં જથ્થો પણ નથી. અલાયદો નાસ્તો બનાવવા માટે અનાજ, કઠોળનો જથ્થો, તેમજ પેશગીની રકમ ફાળવવામાં આવી નથી. જયારે નાસ્તાના સમય ૪ કલાકેથી આપવાનો થતો હોઈ કર્મચારીના કલાકો વધી જવા પામે છે.

રસોઈયા અને મદદનીશ સામાન્ય વેતનમાં કામ કરવા તૈયાર નથી. ત્યારે જુના પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિકાલ આવે તે માટે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધી ચિંધ્યામાર્ગે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ધરણા પર બેઠા હતા. તે સમયે પોલીસ તંત્ર દ્વારા તેમને ડીટેઈન કરીને લઈ જવાયા હતા. બપોર બાદ જુના સચિવાલય ખાતે તેઓને ઉચ્ચકક્ષાએ રજુઆત માટે લઈ જવાયા હતા. યોજનાના કર્મચારીઓએ આવેદન પત્ર પાઠવીં તંત્રને યોગ્ય કરવા રજુઆત કરી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ઉરીમાં ફાયરિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ફાયરિંગમાં સરહદ નજીક રહેતાં ત્રણ ગ્રામવાસીઓ ઘાયલ થઈ ગયા હતા.

પાકિસ્તાનની સેનાએ વાસ્તવિક નિયંત્રણ રેખા (એલઓસી)એ ભારતીય સેના પર બેટથી હુમલો કરનારા આતંકવાદી સંગઠનોનુ આઉટસોર્સિંગ કર્યું છે અને સ્નીપર શૂટરોની ભૂમિકા આતંકવાદીઓને સોંપી છે. ભારતીય જવાનોને નિશાન બનાવવામાં સફળ રહેનારા જેહાદી સ્નીપરને રૂ. ૫૦ હજારથી એક લાખ સુધીનુ ઈનામ આપવામાં આવે છે.

પાકિસ્તાની સેનાએ કાશ્મીરના કેરન સેકટરથી જમ્મુના પલાંવાલા સુધીની એલઓસીએ ૧૫૦ કરતાં વધારે આતંકીઓને સ્નીપર શૂટિંગ માટે ગોઠવ્યા છે. પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ અને એલઓસીએ છેલ્લાં એક વર્ષમાં થયેલા ગોળીબારમાં ૩૨ જેટલાં સૈનિકો પાકિસ્તાનના ગોળીબારમાં શહીદ થયા છે. આ પૈકી ૧૬ જેટલા ભારતીય જવાનોને પાકિસ્તાની ચોકીઓમાં ભરાઈ બેઠેલા જેહાદી સ્નીપર શૂટરોએ જ નિશાન બનાવ્યા હતાં.

બીએસએફના એસ.કે. મુરમુ તંગધારમાં મંગળવારે શહીદ થયા હતાં. તેમને પણ સ્નીપર શુટરે જ નિશાન બનાવ્યા હતાં. ગુપ્તચર માહિતી મુજબ પાકિસ્તાની સેનાએ અલ-બદર, જૈશે મોહમ્મદ અને લશ્કરે તોઈબા સાથે જોડાયેલા આતંકીઓની જ સ્નીપર શુટર તરીકે ભરતી કરી છે. આ ઉપરાંત હિઝ્બ, જમિયતુલ મુઝાહિદ્દીન, હરકત અને તહેરિકે મુઝાહિદ્દીનના ૨૪ જેટલા આતંકીઓને પણ સ્નિપર શુટિંગની તાલિમ આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્નીપર શુટિંગ માટે પાકિસ્તાની સેના જ ટાર્ગેટ નક્કી કરે છે. ત્યારબાદ ટાર્ગેટને નિશાન બનાવવા માટે આતંકવાદી સંગઠનના વડાને સ્નીપર શુટર મોકલવામાં જણાવવામાં આવે છે. સ્નીપર શુટર જોકે એકલો નથી હોત, તેની સાથે એક કે બે શૂટર પણ આવે છે. તેઓ ટાર્ગેટને નિશાન બનાવ્યા પછી કેમ્પમાં પાછા જાય છે. આ માટે તેમને પાકિસ્તાનની અગ્રીમ ચોકીઓમાં બેથી ચાર દિવસ રખાય છે.

પાકિસ્તાની સેનાને મદદ કરનાર સ્નીપર શુટર જો સફળ થાય અને તેમની ગોળીથી ભારતીય જવાન શહીદ થાય તો શહીદોની સંખ્યા અને રેક પ્રમાણે તેમને રોકડ ઈનામ આપવામાં આવે છે આ રકમ રૂ. ૫૦ હજારથી એક લાખ સુધીની હોય છે. કોઈ ભારતીય જવાન માત્ર ઈજાગ્રસ્ત થાય તો રૂ. પાંચથી ૧૦ હજાર સુધીનું રોકડ ઈનામ અપાય છે.

## કાર જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈએ મુંબઈ સ્થિત ૨૭ એકર જમીનમાં બનેલા નિરવ મોદીના ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી દીધો હતો. નિરવ મોદીની જે લકઝુરિયસ કાર જપ્ત કરવામાં આવી છે તેમાં રોલ્જ રોયલ્સ ઘોસ્ટ, બે મર્સીડિઝ બેંજ, એક પોર્સ પનામેરા, ત્રણ હોન્ડા કાર, એક ટોયાટા ફોર્ચ્યુન, એક ટોયોટા ઈનોવાનો સમાવેશ થાય છે. રોલ્જ રોયસ કારની કિંમત ૬ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત ઈડીએ નિરવ મોદીના ૭.૮૦ કરોડ રૂપિયાની કિંમતવાળા મ્યુચ્યુઅલ ફંડ અને શેર પણ ફ્રીઝ કર્યા છે. મેહુલ ચોક્સી ગ્રુપ સાથે જોડાયેલા ૮૬.૭૨ કરોડ રૂપિયાના શેર અને મ્યુચ્યુઅલ ફંડ પણ ઈડીએ ફ્રીઝ કર્યા છે. સીબીઆઈ હાલ દરોડા પાડી રહી છે. ઈડીની તપાસ જારી રહી છે. મુંબઈમાં ચાર શેલ કંપનીઓ સહિત દેશમાં ૧૭ જગ્યાએ બુધવારના દિવસે વ્યાપક તપાસ કરવામાં આવ્યા બાદ હજુ તપાસ ચાલી રહી છે. બીજી બાજુ આવકવેરા વિભાગ દ્વારા પણ આ મામલે પોતાની તપાસ હેઠળ ૧૪૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લીધી છે. ઈડીએ બુધવારના દિવસે જ ૧૦ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી. નવેસરની સંપત્તિ જપ્ત કરવાની સાથે જ ઈડી દ્વારા હજુ સુધી જપ્ત કરવામાં આવેલા હિરા, જ્વેલરી અને અન્ય સોના ચાંદીની કુલ કિંમત ૫૭૩૬ કરોડની આસપાસ પહોંચી ગઈ છે. આ રીતે પીએનબી ફ્રોડ કેસમાં ઈડી અને ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા કુલ મળીને ૫૮૮૧.૭૪ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે.

જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાં ઈડી દ્વારા સ્વતંત્ર તપાસ કરવામાં આવી રહી છે. એજન્સીએ કોંભાડના આરોપી નીરવ મોદી અને તેમના મામા તેમજ ગીતાંજલિ જ્વેલર્સના ચેરમેન મેહુલ ચૌકસી તેમજ અન્યો સાથે જોડાયેલી શેલ કંપનીઓની સામે કાર્યવાહી વધારે ઝડપી બનાવી ચુકી છે. ઈડીની ટીમ મુંબઈના ઓપેરા હાઉસ, પેદ્દાર રોડ, ગોરેગામ અને અન્ય ક્ષેત્રોમાં આવેલી એવી કંપનીઓની સામે કાર્યવાહી કરી છે. દેશભરમાં જુદા જુદા સ્થળો પર વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ તપાસ વધારે તીવ્ર બનાવવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દેશભરમાં આ કોંભાડના કારણે સનસનાટી મચી ગઈ છે.

## ઘુસી ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાતીઓને બંધક બનાવ્યા છે તેવા મેસેજથી રાત્રે ૯ વાગ્યે શરૂ કરવામાં આવેલી મોકડ્રીલમાં માત્ર કમાન્ડન્ટ જ જાણતા હતા કે આતંકવાદીના વેશમાં સુરક્ષા કર્મીને ક્યાંથી સંતાઈને ઓપરેશન પાર પાડી રહ્યા છે. એનએસજીની ટુકડીઓએ ૯ વાગ્યાથી આતંકવાદીઓને શોધવા અને બંધકોને છોડાવવાનું ઓપરેશન શરૂ કર્યુ હતુ અને રાત્રે બે થી ત્રણ વાગ્યા સુધી આ ઓપરેશન ચાલ્યુ હતુ. છ કલાકના આ ઓપરેશનમાં કમાન્ડોએ આતંકીઓ શોધી કાઢ્યા હતા અને બંધકોને છોડાવીને આતંકીઓ ઠાર મારી 'ઓપરેશન મહાત્મા મદિર' સફળતાથી પાર પાડ્યુ હતુ. સિક્યુરીટી, ક્વીક રીસ્પોન્સ, ક્વીક કમાન્ડ અને વાઈરલ ઈન્સ્ટોલેશનના હેતુસર એનએસજી દ્વારા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મહાત્મા મંદિરને આસપાસનો વિસ્તારથી કોર્ડન કરી દઈને સમગ્ર મોકડ્રીલ કરવામાં આવી હતી.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન છે. જે પૈકી વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૨ અંતર્ગત ગાંધીનગર ખાતે ૫ હજાર મે.ટન સંગ્રહશક્તિના ગોડાઉનોનું બાંધકામ પૂર્ણ થતાં ૧૯-૧-૧૮ થી તેનો ઉપયોગ શરૂ કરાયો છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે વેર હાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૩ હેઠળ માણસા ખાતે ૨ હજાર મે.ટનની સંગ્રહશક્તિ ધરાવતા ગોડાઉનનું બાંધકામ તા. ૩૧-૩-૨૦૧૯ સુધીમાં જે નિર્માણાધીન છે તે પૂર્ણ કરવાનું આયોજન છે.

● **જિલ્લામાં કાર્યરત ગૌશાળા**

માંડવીના ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીએ તા. ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૨૨ ગૌશાળાઓ કાર્યરત છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં ૧૭ ગૌશાળાઓને રૂ. ૧,૨૧,૧૦,૦૮૫ની રકમ સહાય પેટે આપવામાં આવી છે.

જ્યારે વર્ષ ૨૦૧૭માં ૮ ગૌશાળાઓને રૂ. ૧૪,૯૬,૧૪૭ની સહાય સરકાર દ્વારા ચુકવવામાં આવેલ છે.

● **એગ્રો સર્વિસ પ્રોવાઈડરને સહાય**

ગાંધીનગર(દ)ના ભાજપના ધારાસભ્ય શંભુજી ઠાકોરે છેલ્લા બે વર્ષમાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય માટે મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યું છે કે ૪૭ અરજીઓ મળી હતી જે પૈકી ૨૫ અરજદારોને સહાય ચૂકવવામાં આવી છે અને ૧ અરજદારને સહાય ચુકવવાની બાકી છે.

● **જિલ્લામાં ગૌચર સુધારણાનું કામ નથી કર્યુ**

કોંગીના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌચર સુધારણાના હાથ ધરાયેલા કામો અંગે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ સ્વીકાર્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ગૌચર સુધારણાનું એક પણ કામ હાથ ધરવામાં આવ્યું નથી.

● **પાક-ધિરાણમાં વ્યાજ સહાય**

ભાજપના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક-ધિરાણમાં કેટલા ટકા પ્રમાણે સહાય ચુકવવામાં આવી છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સહકાર મંત્રીએ જણાવ્યું છે કે ૩ ટકા લેખે ૨૧,૮૦૦ ખેડૂતોને રૂ. ૫ કરોડ ૮૨ લાખ નેવુ હજાર પાંચસો પંચાવનની સહાય ચુકવવામાં આવી છે.

● **અને છેલ્લે...**

કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં મગફળી-કપાસ પરના પાક વીમાની બાકી અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના કપાસ અને મગફળી પાક માટે નોટીફાઈડ થયેલા તમામ તાલુકાઓમાં વિમાના દાવાઓ ચુકવવા પાત્ર થતા નથી.